શો બાજ



# એક જ ઈમેજમાં બંધાઈને રહેવું મને પસંદ નથી!

## K. K. મેનન

**અભિનયમાં ઊંડાણ અને દરેક પાત્રને જીવંત કરવાની અનોખી શૈલી માટે જાણીતા KK મેનન બોલિવૂડ, થિયેટર અને OTT પ્લેટફોર્મ પર પોતાની ખાસ ઓળખ બનાવી છે. વેબ સિરીઝ 'સ્પેશિયલ ઓપ્સ'માં હિંમત સિંહના પાત્રથી તેમણે આજના સમયના ડિજિટલ યુગમાં પણ ધૂમ મચાવી દીધી છે!**

### 'આદર્શ બાલ વિદ્યાલય'માં હેડમાસ્ટરનું પાત્ર સ્વીકારવાનું મુખ્ય કારણ શું હતું?

મારા માટે સૌથી પહેલી અને મહત્વની વાત સ્ક્રિપ્ટ હતી. જ્યારે મેં આ પાત્ર વાંચ્યું ત્યારે જ મને લાગ્યું કે અત્યાર સુધી જે કામ કર્યું છે તેના કરતાં કંઈક અલગ છે. હું હંમેશાં ગંભીર અને ઈન્ટેન્સ પાત્રોમાં જ દેખાઉં એવું જરૂરી નથી. હેડમાસ્ટરનું પાત્ર બહારથી ભલે હળવું લાગે, પરંતુ તેની પોતાની એક અનોખી દુનિયા છે. સૌથી સારી વાત એ રહી કે આ પાત્ર દ્વારા દર્શકોને મારી એક તદ્દન અલગ સાઈડ જોવા મળી હશે.

### ગંભીર અને ઇન્ટેન્સ રોલ્સ પછી કોમેડી તરફ વળવું તમારા માટે કેટલું મુશ્કેલ હતું?

મારા માટે કોમેડી કોઈ નવી વસ્તુ નથી, મેં અગાઉ પણ હ્યુમર કર્યું જ છે, પણ દર્શકો મને ગંભીર રોલમાં વધારે યાદ રાખે છે! કોમેડી કરતી વખતે સૌથી મોટી ભૂલ એ થાય છે કે કલાકાર લોકોને હસાવવાનો અતિશય પ્રયાસ કરવા લાગે છે. હું એવું ક્યારેય નથી કરતો.

### દર્શકો તમને હવે એક નવા અને અલગ અવતારમાં જોશે?

હા, ચોક્કસ! અને એક એક્ટર તરીકે મને આ જ રોમાંચ સૌથી વધારે ગમે છે. જો દર્શક મને દરેક પ્રોજેક્ટમાં એક જ સરખા માણસ તરીકે જોવા લાગે તો મારા માટે પણ કામ બોરિંગ બની જાય. 'ફર્ઝી'નો મનસૂર દલાલ અને 'આદર્શ બાલ વિદ્યાલય'નો હેડમાસ્ટર એકબીજાથી બિલકુલ અલગ છે. આ વૈવિધ્ય જ મારા માટે મજેદાર છે. હું દરેક નવા પાત્ર સાથે દર્શકોને થોડું સરપ્રાઈઝ કરવા માગું છું.

### પોતાને 'ઇમ્પ્રોમ્ટુ એક્ટર' નથી માનતા. આ પાછળનું કારણ શું?

હું સખત તૈયારીમાં વિશ્વાસ રાખું છું. મારા માટે સ્ક્રિપ્ટ વાંચવી, પાત્રની સાયકોલોજી સમજવી અને તેની દુનિયામાં ઊતરવું ખૂબ જરૂરી છે. સેટ પર પહોંચીને સ્પોટ પર જ બધું શોધી કાઢવાની મારી રીત નથી. હોમવર્ક કર્યા પછી સેટ પર જે નેચરલ મોમેન્ટ આવે તેને સ્વીકારવી મને ગમે છે. જેટલી તૈયારી વધારે હોય, કેમેરા સામે એટલી જ સ્વાભાવિકતા આવે છે.

> મારા માટે કોમેડી કોઈ નવી વસ્તુ નથી, મેં અગાઉ પણ હ્યુમર કર્યું જ છે, પણ દર્શકો મને ગંભીર રોલમાં વધારે યાદ રાખે છે।

### સ્કૂલના દિવસોની કઈ યાદો કે અનુભવો આજે પણ એક્ટિંગમાં કામ આવે છે?

હું સ્કૂલમાં ખૂબ શાંત અને બેકબેન્ચર પ્રકારનો વિદ્યાર્થી હતો. બાળપણમાં અલગ-અલગ સ્કૂલો બદલાવાને કારણે મને લોકોને અને તેમની વર્તણૂકને ઓબ્ઝર્વ કરવાની ટેવ પડી ગઈ. આજે એક્ટિંગમાં આ ઓબ્ઝર્વેશન ખૂબ કામ આવે છે. કોઈ પાત્ર ભજવતી વખતે તેની ચાલ, બોલવાની છટા અને ચહેરાના હાવભાવ જેવી ઝીણી બાબતો હું ધ્યાનથી જોઉં છું.

### 'ફર્ઝી' જેવી ગ્લોબલ હિટ સીરિઝ પછી નવા પાત્રની પસંદગીમાં દબાણ અનુભવાય છે?

દર્શકોની અપેક્ષાઓનું દબાણ હંમેશાં રહે છે, પણ હું તેનો બોજ લઈને કામ નથી કરતો. જો હું 'ફર્ઝી'ની સફળતાને જ માપદંડ બનાવી દઉં તો હું ક્યારેય નવું કંઈ નહીં કરી શકું. મારા માટે દરેક પ્રોજેક્ટ એક નવી શરુઆત છે. અગાઉના કામની નકલ કરવાને બદલે દર્શકોને કંઈક નવું પીરસવું વધારે રસપ્રદ છે.

### 'સ્પેશિયલ ઑપ્સ'ના હિમ્મત સિંહ તરીકે તમને ફરી જોવા દર્શકો આતુર છે, તેના પર શું કહેશો?

હિમ્મત સિંહનું પાત્ર મારા હૃદયની ખૂબ નજીક છે. દર્શકોએ તેને જે પ્રેમ આપ્યો છે તે અભૂતપૂર્વ છે. પરંતુ કોઈ પણ પાત્ર ત્યારે જ પાછું લાવવું જોઈએ જ્યારે તેની પાછળ મજબૂત વાર્તા હોય. માત્ર લોકપ્રિયતા માટે સિક્વલ બનાવવી મને યોગ્ય નથી લાગતી. વાર્તામાં દમ હશે તો એ સફર ચોક્કસ ફરી શરૂ થશે.

### આવનારા પ્રોજેક્ટ્સ વિશે દર્શકોને શું જણાવશો?

હું કેટલાક રસપ્રદ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યો છું. ખાસ કરીને 'Legacy' અને 'Rashna: The Ray of Light' જેવાં કામોને લઈને હું ખૂબ ઉત્સુક છું. હું હંમેશાં કંઈક નવું શોધવાનો પ્રયત્ન કરું છું. જોકે, સરપ્રાઈઝ જાળવી રાખવા માટે અત્યારે બધું જાહેર કરવું યોગ્ય નહીં રહે.

### 'Legacy' પ્રોજેક્ટમાં દર્શકોને શું નવું જોવા મળશે?

હું દરેક પ્રોજેક્ટમાં અગાઉના કામથી તદ્દન અલગ શેડ બતાવવાનો પ્રયાસ કરું છું. 'Legacy'માં પણ પાત્રનું બેકગ્રાઉન્ડ અને તેની ગતિવિધિઓ ખૂબ સરસ રીતે વણાયેલી છે. વાર્તા અંગે અત્યારે સસ્પેન્સ રાખવું જરૂરી છે, પણ દર્શકોને મારો એક નવો અવતાર ચોક્કસ જોવા મળશે.

### શું ભવિષ્યમાં ફેન્સ તમને ફરી કોઈ એકદમ ડાર્ક કે નેગેટિવ પાત્રમાં જોઈ શકશે?

ચોક્કસ, કેમ નહીં! ડાર્ક અને ઈન્ટેન્સ રોલ્સ મારી એક્ટિંગ જર્નીનો મહત્વનો હિસ્સો રહ્યા છે. પણ હવે હું તેની સાથે હળવાશથી ભરેલાં પાત્રોનો પણ બેલેન્સ રાખવા માગું છું. એક એક્ટર તરીકે તમારી પાસે તમામ રંગો હોવા જોઈએ–ક્યારેક દર્શકોને હસાવવા તો ક્યારેક વિચારતા કરી મુકવા! ●

# હવે વ્યાજ સાથે ચૂકવાશે વેર!

જો તમે 'અબ હોગા હિસાબ'ની પહેલી સીઝન જોઈ હશે, તો તમને યાદ જ હશે કે કઈ રીતે વાર્તા એક એવા વળાંક પર પૂરી થઈ હતી જ્યાં દર્શકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. હવે, ડિજિટલ સ્ક્રિન પર ધમાકેદાર વાપસી કરતાં 'અબ હોગા હિસાબ સીઝન 2' એ સાબિત કરી દીધું છે કે જ્યારે વેર લેવાની વાત આવે, ત્યારે જૂના હિસાબ ચૂકવવા માટે કોઈ પણ સીમા વટાવી શકાય છે.

'જેની સાથે અન્યાય થયો છે, તે ચૂપ રહી શકે પણ હંમેશા માટે નહીં!' પહેલી સીઝનમાં જે સવાલો અધૂરા રહી ગયા હતા, જે રહસ્યોના તાળા ખૂલ્યા નહોતા અને જે લોકો પોતાના ગુનાની સજા વગર આરામથી ફરતા હતા, તેમની હવે ખેર નથી! કારણ કે આ વખતે વાત માત્ર સત્ય શોધવાની નથી, પરંતુ એક-એક ગુનાનો હિસાબ લેવાની છે.



ફ્રી વોચ

સીઝન 2માં આ જ કહાની વધુ ડાર્ક બને છે. હવે બોબી સામે એવા લોકો છે જેઓ માત્ર ચાલાક નથી, પરંતુ પોતાના ફાયદા માટે કોઈપણ હદ પાર કરી શકે છે. વિશ્વાસ કોના પર કરવો અને કોને શંકાની નજરે જોવો આ ગેમમાં એક ખોટું પગલું ભારે પડી શકે છે. એટલે દર્શક માટે પણ મજા એ છે કે જે પાત્ર શરૂઆતમાં સારો લાગે છે એ જ આગળ જઈને ખતરનાક ખેલાડી બની શકે!

શહીર શેખ ફરી બોબી તરીકે પોતાની ધમાકેદાર હાજરી નોંધાવે છે. તેના પાત્રમાં આ વખતે ગુસ્સો, બેચેની અને બદલો લેવાની આગ વધુ સ્પષ્ટ દેખાય છે. બીજી તરફ સંજય કપૂરનું ગોલ્ડી સેખોનનું પાત્ર ફરી કહાનીમાં તણાવ વધારવાનું કામ કરે છે. મૌની રોય, નિમૃત કૌર અહલુવાલિયા અને અવિનાશ મિશ્રા જેવા કલાકારોની હાજરી પણ સીઝનને વધુ રસપ્રદ બનાવે છે.

ખાસ વાત એ છે કે સીઝન 2 માત્ર 'કોણે શું કર્યું?' એવો સવાલ પૂછતી નથી, પરંતુ 'હવે તેની કિંમત કોણ ચૂકવશે?' એવો સવાલ પણ ઊભો કરે છે. એટલે દરેક એપિસોડ પછી દર્શકના મોઢેથી એક જ ડાયલોગ નીકળે એવી શક્યતા છે 'અરે ભાઈ, હવે આગળ શું?'

> ખાસ વાત એ છે કે સીઝન 2 માત્ર 'કોણે શું કર્યું?' એવો સવાલ પૂછતી નથી, પરંતુ 'હવે તેની કિંમત કોણ ચૂકવશે?' એવો સવાલ પણ ઊભો કરે છે

સિરીઝનું ડિરેક્શન ખૂબ જ ક્ષમતાપૂર્વક કરવામાં આવ્યું છે. 8 થી 10 એપિસોડની આ સીઝનમાં ક્યાંય પણ વાર્તા ખેંચાતી હોય તેવું લાગતું નથી. દરેક એપિસોડના અંતે એક એવો 'ક્લિફહેંગર' (સસ્પેન્સ) મૂકવામાં આવ્યો છે કે દર્શક તરત જ બીજો એપિસોડ જોવા મજબૂર થઈ જાય છે. સસ્પેન્સ અને એક્શનનું સંતુલન જાળવવામાં ડિરેક્ટર સફળ રહ્યા છે.

સિરીઝનું ડાર્ક અને થ્રિલર ટોન પકડી રાખવામાં સિનેમેટોગ્રાફી અહીં કામ આવે છે. રાત્રિના સીન, ચેઝ સીન્સ (પીછો કરવાના સીન) અને એક્શન સીન્સનું શૂટિંગ આંતરરાષ્ટ્રીય સ્તરનું લાગે છે. આ ઉપરાંત, તેનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક સ્ટોરીના રોમાંચને ડબલ કરી દે છે. જ્યારે પણ કોઈ મહત્વનો હિસાબ ચૂકવવાનો સીન આવે છે, ત્યારે વાગતું થીમ મ્યુઝિક રૂંવાડા ઊભા કરી દે છે.

'અબ હોગા હિસાબ સીઝન 2 Amazon MX Player પર શરૂ થઈ ચૂક્યું છે. એટલે હવે વોચલિસ્ટમાં રાખવાની નહીં, સીધી પ્લે કરવાની સિરીઝ છે.

કારણ કે આ વખતે હિસાબની ડાયરી ખુલી ગઈ છે અને જ્યારે હિસાબ શરૂ થાય, ત્યારે કોણ બચશે અને કોણ ફસાશે એ જોવા માટે છેલ્લા એપિસોડ સુધી આ વેબ સિરિઝ જોવી પડશે! ●

# રાણી ભારતી પાછી આવી, પણ શું મહારાણી રાજ કરશે?

OTTની દુનિયામાં કેટલીક વેબ સિરીઝ એવી હોય છે, જેની નવી સીઝનની જાહેરાત થાય એટલે ફેન્સનું એક્સાઈટમેન્ટ આપોઆપ હાઈ થઈ જાય. 'મહારાણી' પણ એવી જ સિરીઝ છે. હૂમા કુરેશી એટલે કે રાણી ભારતી હવે ફરી એકવાર રાજકીય ગાદી સંભાળવા આવી રહી છે. 'મહારાણી 5'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે અને મેકર્સે સત્તાવાર રીતે નવી સીઝનનું પ્રોડક્શન શરૂ કરવાની જાહેરાત કરી છે. હૂમા કુરેશીએ પણ સોશિયલ મીડિયા પર સીઝન 5 શરૂ થયાની માહિતી આપી હતી.

હવે સવાલ એ છે કે 'મહારાણી 5' ક્યાં જોવા મળશે? અગાઉની તમામ સીઝનની જેમ નવી સીઝન પણ Sony LIV પર જ સ્ટ્રીમ થવાની છે. હાલ સીઝન 5નું પ્રોડક્શન ચાલી રહ્યું છે અને તેની સત્તાવાર સ્ટ્રીમિંગ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. અહેવાલો અનુસાર મેકર્સ જાન્યુઆરી 2027ની આસપાસ તેને રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે, પરંતુ આ તારીખ હજુ અંતિમ નથી. એટલે ફેન્સ કેલેન્ડરમાં જાન્યુઆરી તો માર્ક કરી શકે, પણ તેને પાકી રિલીઝ ડેટ માનવી નહીં.


'મહારાણી'ની આખી કહાની જ કંઈક એવી છે કે સામાન્ય ગૃહિણીમાંથી રાજકારણની ધુરંધર ખેલાડી બનતી રાણી ભારતીને જોવી પોતાના માટે એક અલગ જ અનુભવ છે. શરૂઆતમાં રાજકારણથી દૂર રહેતી રાણી સંજોગોના કારણે બિહારની મુખ્યમંત્રી બને છે. શરૂઆતમાં રાજકીય નેતાઓ તેને માત્ર મોહરો સમજે છે, પરંતુ સમય જતાં આ જ મોહરો આખી બાજી ઉથલાવવાની ક્ષમતા ધરાવતી ખેલાડી બની જાય છે. સત્તા, ભ્રષ્ટાચાર, જાતિનું રાજકારણ, બદલો, વિશ્વાસઘાત અને રાજકીય ષડયંત્રો આ સિરીઝના મુખ્ય મસાલા રહ્યા છે.



ચોથી સીઝન સુધીમાં રાણી ભારતીની રાજકીય સફર બિહારની સીમા પાર કરીને રાષ્ટ્રીય રાજકારણ સુધી પહોંચી ગઈ હતી. બિહારના મુખ્યમંત્રી તરીકે રાણી વધુ શક્તિશાળી બનતી જાય છે, તો દિલ્હીમાં વડાપ્રધાન સુધાનકર જોશીની સરકાર ગઠબંધનના સંકટમાં ફસાય છે. બંને તરફ સત્તાની મહત્વાકાંક્ષા ટકરાય છે અને વાત માત્ર રાજકીય મતભેદ સુધી નહીં, પરંતુ દેશના ભવિષ્યને અસર કરી શકે તેવી પાવર ગેમ સુધી પહોંચી જાય છે.

> શરૂઆતમાં રાજકીય નેતાઓ તેને માત્ર મોહરો સમજે છે, પરંતુ સમય જતાં આ જ મોહરો આખી બાજી ઉથલાવવાની ક્ષમતા ધરાવતી ખેલાડી બની જાય છે

પાંચમી સીઝનમાં હૂમા તો રાણી ભારતી તરીકે પાછી આવી રહી છે જ, સાથે




અગાઉની સીઝનના કેટલાક જાણીતા ચહેરાઓ પણ પરત ફરવાની અપેક્ષા છે. અહેવાલો મુજબ શાર્દુલ ભારદ્વાજ, કાની કુસૃતિ, વિનીત કુમાર અને પ્રમોદ પાઠક જેવા કલાકારોની વાપસી થવાની શક્યતા છે. જોકે નવી સીઝનમાં કોઈ મોટા નવા કલાકારની સત્તાવાર જાહેરાત હજુ થઈ નથી.

વાર્તામાં હવે શું થશે તેની વિગતો મેકર્સે જાળવી રાખી છે. એટલે રાણી ભારતી ફરી બિહારની ગાદી માટે લડશે કે સીધી દિલ્હી તરફ રાજકીય કૂચ કરશે, એ હાલમાં સસ્પેન્સ છે. એક વાત જોકે નક્કી છે–પહેલી સીઝનની સીધીસાદી રાણી હવે રહી નથી. ચાર સીઝનના રાજકીય દાવપેચ પછી તેને સત્તાની રમતના નિયમો પણ ખબર છે અને જરૂર પડે ત્યારે રમત પલટવાની કળા પણ!

અપકમિંગ

'મહારાણી 5' માટે ફેન્સની રાહ જોવા માટે છે કે આ વખતે રાણી ભારતીનો તાજ કેટલો ઊંચો જશે. જાન્યુઆરી 2027ની સંભવિત રિલીઝ તરફ નજર છે અને ત્યાં સુધી એક જ સવાલ ટ્રેન્ડમાં રહેશે 'મહારાણી' પાછી આવે છે, પણ આ વખતે રાજ કોણ કરશે? ●